## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલ તાલુકાની કરાના મુવાડા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઇ



**કાલોલ** : કાલોલ તાલુકાની સણસોલી પગાર કેદ્ર ની કરાના મુવાડા પ્રા. શાળા માં શુક્રવારે શાળા ના આચાર્ય રમેશકુમાર પટેલ ના માર્ગદર્શન હેઠળ ભાઈ બહેનનો અતૂટ પ્રેમ સંબંધ એટલે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધન માત્ર ભાઈ- બહેનના નિર્મળ પ્રેમ પ્રતિક રૂપ તહેવાર જ નથી, પરંતુ આ પરંપરા સંસારના સમસ્ત જીવોને નિઃસ્વાર્થ પ્રેમ આધારિત સામાજિક વ્યવસ્થા જાળવી રાખવાનો સંકેત આપે છે. સાથે સાથે શાળાના શિક્ષક ભાઈઓને શિક્ષિકા બહેનો એ રાખડી બાંધી હતી. બાળકો એ ઉલ્લાસભેર ઉજવણી કરી હતી

### બાકરોલ પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી



**કાલોલ** : વિદ્યાર્થીઓ રક્ષાબંધનના પવિત્ર પર્વનું મહત્વ સમજે એ ઉદ્દેશથી કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી.શાળાના આચાર્ય તેમજ શાળાના શિક્ષકો દ્વારા રક્ષાબંધન સાથે જોડાયેલા વિવિધ ઐતિહાસિક પ્રસંગોના ઉદાહરણો દ્વારા આ પવિત્ર પર્વનું મહત્વ સમજાવ્યું. વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધનના પવિત્ર પર્વના મહત્વ વિષે વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

### શ્રીસરસ્વતી વિદ્યામંદિર કાલોલના વિદ્યાર્થી અંડર-17 ટેકવોન્ડો સ્પર્ધામાં દ્વિતીય ક્રમે




**કાલોલ** : કાલોલ તા ૦૮/૦૮/૨૫ શ્રી સિધ્ધનાથ એજ્યુકેશન ટ્રસ્ટ કાલોલ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામંદિર કાલોલમાં ધોરણ ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી બેલીમ સુલતાનખા સકીલખા વી. એમ. ઇ. મી.શાળા હાલોલ ખાતે ૮મી ઓગસ્ટના રોજ SGFI (સ્કૂલ્સ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા) અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તથા જિલ્લા રમત ગમત અધિકારી કચેરી પંચમહાલ સંચાલિત શાળાકીય રમતોની સ્પર્ધામાં અંડર ૧૭ ટેકવોન્ડો સ્પર્ધામાં પંચમહાલ જિલ્લામાં દ્વિતીય ક્રમે વિજેતા થઈ શાળાનું ગૌરવ વધારે છે જે બદલ શાળા પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

### ડભોઇના હરિહર આશ્રમ ખાતે રામચરિત માનસ પાઠ નુ આયોજન કરાયુ



**ડભોઇ** : આજરોજ ડભોઇ નાંદોદી ભાગોળ સ્થિત હરિહર આશ્રમ ના મહંત વિજયજી મહારાજ ની અધ્યક્ષતા માં રામ ચરિત માનસ ના પાઠ નું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન રામ ચરિત માનસ પાઠ નું આયોજન હરિહર આશ્રમ ખાતે કરવામાં આવે છે.મહંત વિજયજી મહારાજે વધુ માં જણાવ્યું હતું કે ભગવાન શિવ ને રીઝવવા શ્રી રામ નીં કથા કરવી ખૂબ જરૂરી છે. આજરોજ હરિહર આશ્રમ ખાતે રાખવામાં આવેલ અખંડ પાઠ સતત 27 કલાક સુધી ચાલશે.

### બોડેલી સેવા સદન ખાતે સખીમંડળની બહેનો દ્વારા રાખડી બનાવટ સ્પર્ધા યોજાઇ



**બોડેલી** : બોડેલી સેવા સદન ખાતે ઘર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત સખીમંડળની બહેનો દ્વારા રાખડી બનાવટ સ્પર્ધાત્મક કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં સરકાર શ્રીના મહિલા સશક્તિકરણના ઉદ્દેશને સાર્થક કરવા માટે એક પગલા રૂપે આ પ્રકિયા હાથ ધરવામાં આવેલ આ કાર્યકમ થકી બહેનો ની આજીવિકાને વેગ મળે અને બહેનોમાં આત્મનિર્ભર થવા માટે ઉત્સાહ પૂરો પાડનારો હતો આ કાર્યકમમાં પ્રાંત ઓફિસર બોડેલી તેમજ તાલુકા વિકાસ અધિકારી બોડેલી દ્વારા આ કાર્યક્રમમાં હાજર રહીને બહેનોને ઉત્સાહ પૂરો પાડવામાં આવ્યો હતો.

---

સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનો દરજ્જો મળતા સુવિધાઓમાં વધારો થશે

# હાલોલની રેફરલ હોસ્પિટલનું હવે નવું અદ્યતન બિલ્ડિંગ બનશે

**રૂ.23 કરોડ** ઉપરાંતના ખર્ચે સંપૂર્ણ અદ્યતન સુવિધા સાથે 100 બેડ વાડી ત્રણ મજલી બિલ્ડીંગ તૈયાર કરાશે





(પ્રતિનિધી) હાલોલ, તા.8
હાલોલની રેફરલ હોસ્પિટલને રાજ્ય સરકાર દ્વારા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનો દરજ્જો મળ્યા બાદ હાલમાં કાર્યરત બિલ્ડીંગને તોડી 23 કરોડ ઉપરાંતમાં ખર્ચે સંપૂર્ણ અદ્યતન સુવધા સાથે 100 બેડ વાડી ત્રણ મજલી બિલ્ડીંગ તૈયાર કરવામાં આવનાર છે. તે અંગેની જાણકારી હાલોલ સરકારી હોપિટલના મુખ્ય અધિક્ષક દ્વવારા પત્રકાર પરીસદમાં જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે આ બિલ્ડીંગ છેલ્લા 40 વર્ષ થી સીએચસી અને રેફરલ હોસ્પિટલ કાર્યરત છે સને 2020 થી આ હોસ્પિટલને અપ ગ્રેડ કરી સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ જાહેર કરવામાં આવી છે. જેના ભાગ રૂપે અહીં તજજ્ઞો વધારો કરવામાં આવ્યો છે.

પહેલા ચાર જ હતા જે વધીને નવ તજજ્ઞોનો, ચાર મેડિકલ ઓફિસર, ડેન્ટીસ, ક્લાસ વન ક્લાસ ટુ ની ઉભી કરવામાં આવી છે અહીં 100 બેડની સુવિધા ઉભી કરવામાં આવનાર હોવાથી સંપૂર્ણ સુવિધા વાળું અદ્યતન બિલ્ડીંગ બનવાનું હોવાથી આ કાર્યરત જૂનું બિલ્ડીંગ તોડી તેજ જગ્યાએ નવું બિલ્ડીંગ બનવામાં આવનાર છે. જોકે સરકારની જે આવશ્યક તબીબી સેવાઓ છે જે ચાલુ રાખવામાં માટે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવી પડે તે માટે હોસ્પિટલ કેમ્પસમાં ડોમ બનાવી ટેમ્પવારી ઉભું કરી મુખ્ય ઓપીડી અને મેલ વોર્ડ ઉભો કરવામાં આવશે જ્યારે 2020માં બનાવેલ કોવીડ વોર્ડમાં લેબર રૂમ ઓપરેશન થિયેટર ફિમેલ વોર્ડ તૈયાર કરવામાં આવનાર છે. આ બિલ્ડીંગ તૈયાર થતા બે થી ત્રણ વરસ લાગશે. વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવનાર હોવાથી અને આ વ્યવસ્થા લાંબો સમય ચાલનારી હોવાથી નગરજનો અને આજુબાજુના અહીં સારવાર અર્થે આવનારા દર્દીઓને થોડી તકલીફો ચોક્કસ પડશે પરંતુ આખી ત્રણ મજલી હોસ્પિટલ બની ગયા પછી ખૂબ સરસ સુવિધાઓ અને વ્યવસ્થાઓ પ્રજાને મળી રહેશે.

---

ઝિલોડ પ્રાથમિક શાળામાં આયોજન

# ‘સ્કિલ ડેવલપમેન્ટ સત્ર’ પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધી) ઝિલોડ, તા.8
ઝિલોડ પ્રાથમિક શાળામાં બીલીયન લાઈવ્ઝ ફાઉન્ડેશન દ્વારા “સ્કિલ ડેવલપમેન્ટ સત્ર” અને રાષ્ટ્રીય નેતાઓ પર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્ય વિકસાવવા અને રાષ્ટ્રીય જાગૃતિ ફેલાવવા માટે બીલીયન લાઈવ્ઝ ફાઉન્ડેશન દ્વારા 07 ઓગસ્ટ 2025ના રોજ ઝિલોડ પ્રાથમિક શાળામાં “સ્કિલ ડેવલપમેન્ટ સત્ર”નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્ર દરમિયાન વિદ્યાર્થીઓને આપણા દેશના મહાન રાષ્ટ્રીય નેતાઓના જીવન, તત્વજ્ઞાન અને તેમની સેવા ભાવનાથી પરિચિત કરાવવામાં આવ્યા. ઉપરાંત, રક્ષાબંધન પર્વ નિમિત્તે, ભાઈ-બહેનના સંબંધમાં સમાજમાં રહેલા સંસ્કાર અને મૂલ્યો વિશે ચર્ચા કરાઇ હતી. વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને તહેવારની ઊર્મિથી ભરી વાતાવરણમાં ભાગ લીધો. કાર્યક્રમમાં કુલ 50 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિવિધ ઈન્ટરએક્ટિવ પ્રવૃત્તિઓમાં જોડાઈ પોતાનું કૌશલ્ય વિકસાવ્યું. સત્ર અંતે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને રાષ્ટ્રપ્રેમની ભાવના વધતી જોવા મળી. આ પ્રસંગે શાળાના શિક્ષકો અને બીલીયન લાઈવ્ઝ ફાઉન્ડેશનના સભ્યો હાજર રહી સમગ્ર આયોજનને સફળ બનાવ્યું.

---

# સંખેડા કોલેજમાં ‘વિશ્વ આદિવાસી દિવસ’ની અનોખી રીતે ઉજવણી



**વયોવૃદ્ધ** વડીલોનું શાલ ઓઢાડી સન્માન

(પ્રતિનિધી) સંખેડા, તા.8
8 ઓગષ્ટના રોજ વિશ્વ ‘આદિવાસી દિવસ’ના પૂર્વદિને સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ‘વિશ્વ આદિવાસી દિવસ’ નિમિત્તે આદિવાસી સંસ્કૃતિ પ્રત્યે કૃતજ્ઞતા અને સન્માન વ્યક્ત કરતો વિશેષ કાર્યક્રમ યોજાયો. કોલેજ આદિવાસી સમુદાયની બહુલતા ધરાવતા વિસ્તારમાં આવેલી હોય માટે તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા સન્માન કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં આસપાસના વિસ્તારના વયોવૃદ્ધ આદિવાસી વડીલોને આમંત્રિત કરી તેઓને શાલ ઓઢાવી હાર્દિક સન્માન અર્પણ કરવામાં આવ્યું. જેમાં 60થી 85 વર્ષના આ સમુદાયના પાંચ વયોવૃદ્ધ વડીલો હાજર રહ્યાં હતાં.

આ કાર્યક્રમનો હેતુ આદિવાસી સમાજની સમૃદ્ધ પરંપરા, જીવનશૈલી અને લોકવારસાને નવી પેઢી સમક્ષ રજૂ કરવા તથા સામાજિક સહઅસ્તિત્વનો સંદેશ પ્રસરાવવાનો હતો.

---

# કાંકણપુર પો.સ્ટે.માં અપહરણના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો



(પ્રતિનિધી) ગોધરા તા.08
કાંકણપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં આરોપી સુરેશભાઈ કૈલાશભાઈ નાયક ઉ.વ. ૧૯ રહે. નવી વસાહત ટુવા, તા. ગોધરા અને ભોગ બનનાર જામનગર જિલ્લાના લતીપુર ગામમાં છુપાયેલા છે. આ બાતમીના આધારે, કાંકણપુર સર્વેલન્સ સ્ક્વોડે તાત્કાલિક કાર્યવાહી કરી જામનગરના લતીપુર ગામની સીમમાં આવેલ એક વાડીમાંથી આરોપી સુરેશભાઈ કૈલાશભાઈ નાયક અને ભોગ બનનારને શોધી કાઢ્યા.પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

ગુજરાતના નાણાંમંત્રી તથા ઉર્જામંત્રી કનુભાઇ દેસાઇએ VIP કલ્ચર નકારવાના સંકેત આપ્યા

# ગોધરા રેલવે સ્ટેશનેથી ઉર્જામંત્રીએ સામાન્ય મુસાફરની જેમ ટ્રેન પકડી

**મંત્રીઓ** હવે જનસંપર્કના નવા યુગમાં પ્રવેશી રહ્યા છે: ડૉ. કુબેરભાઇ ડીંડોર



(પ્રતિનિધી) ગોધરા તા.08
ગુજરાતના નાણાંમંત્રી તથા ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈ તા.૦૭ ઓગસ્ટના રોજ મહીસાગર જિલ્લામાં આયોજિત વિવિધ વિકાસાત્મક અને શાસકીય કાર્યક્રમોમાં ભાગ લેવા આવ્યા હતા. તેમના તમામ નિર્ધારિત કાર્યક્રમો પૂર્ણ કર્યા પછી તેઓ ગોધરા જંક્શન રેલવે સ્ટેશન ખાતે પહોંચ્યા હતા, જ્યાંથી તેઓ કોઈ ખાસ વિઆઈપી વ્યવસ્થા વિના સંપૂર્ણપણે સામાન્ય મુસાફરની જેમ રેલવે ટ્રેન મારફતે વાપી તરફ રવાના થયા હતા.

વિશેષ વાતએ રહી કે આ પ્રવાસ દરમિયાન મંત્રીએ કોઈપણ ખાસ રેલવે ડિવાઈન, સુરક્ષા પ્રોટોકોલ અથવા અધિકારીગણનો લાવલશ્કર મેળવ્યો નહોતો. તેઓ હરિદ્વાર-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસના એક સામાન્ય કોચમાં બેસીને સામાન્ય નાગરિકોની જેમ મુસાફરી માટે સજ્જ થયા હતા. તેમના સાથે રાજ્યના કેબિનેટ શિક્ષણપ્રધાન ડૉ. કુબેરભાઈ ડીંડોર પણ ગોધરા રેલવે સ્ટેશન સુધી મંત્રી કનુભાઈ દેસાઈ સાથે આવ્યા હતા.

આ કાર્યક્રમના સંદર્ભે શિક્ષણપ્રધાન ડૉ. કુબેરભાઈ ડીંડોરે મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું કે, “પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાત્મક નેતૃત્વ હેઠળ દેશમાં નેતાઓ ‘વી.આઈ.પી. કલ્ચર’ છોડીને ‘ઈ.પી.પી.- Every Person is Priority’ ના સિદ્ધાંત તરફ આગળ વધી રહ્યાં છે. હવે જન પ્રતિનિધિઓ સામાન્ય જનજીવનનો હિસ્સો બની રહ્યા છે અને જનસંપર્ક જ તેમના કાર્યનું મુખ્ય કેન્દ્રબિંદુ બની રહ્યું છે.”

ગાંધીનગરથી લઈને ગ્રાસરુટ સ્તર સુધી શાસન પર સારો સંદેશ આપતું આ પ્રસંગ એ સાબિત કરે છે કે લોકશાહીમાં સાદગી જ સૌથી મોટું શક્તિરૂપ છે.

---

# કાલોલના રહીશો દ્વારા મકાનો તુટતા બચાવવા કોર્ટમાં દાવો દાખલ કરી મનાઈ હુકમની માંગ

**અગાઉ** આશિયાના સોસાયટી સામેના કેટલાક દબાણો હટાવી દીધા બાદ ફરી નોટીસો આપી

(પ્રતિનિધી) કાલોલ, તા.8
કાલોલ શહેરમાં આવેલી આશિયાના સોસાયટી પાસેના કેટલાક રહિશોને નોટીસ મળતા તેમને કાર્ટમાં દાવો દાખલ કર્યો છે. આ પહેલા આશિયાના સોસાયટી સામેના કેટલાક દબાણો હટાવી દીધા બાદ ફરી નોટીસો આપવામાં આવી છે. જેને લઈને રહિશો દ્વારા કોર્ટનો સહારો લીધો છે.કાલોલ શહેરમા તિરંગા સર્કલ પાસે આવેલા પાકા દબાણો પર તંત્ર દ્વારા બુલડોઝર ચલાવામાં આવ્યુ હતું.

તંત્ર દ્વારા આ મામલે અગાઉથી લેખિત નોટીસ આપવામા આવી હતી ત્યાર બાદ કેટલાક દબાણકારો સ્વૈચ્છાએથી હટી ગયા હતા. અને કેટલાક દબાણો બાકી રહેતા આખરે પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણોને જેસીબી મશીન વડે હટાવી દેવામાં આવ્યા હતા. હવે આ મામલે વધુ અન્ય આશિયાના સોસાયટી પાસેના વિસ્તારના લોકોને નોટીસો આપવામા આવતા સોસાયટીના 9 જેટલા લોકોએ કાલોલ મામલતદાર, ચીફ ઓફિસર નગરપાલિકા, સીટી સર્વે ઑફિસર અને જીલ્લા કલેક્ટર ને પક્ષકાર બનાવી એડવોકેટ પી પી સોલંકી દ્વારા મનાઈ હુકમ મેળવા માટે કાલોલ સીવીલ કોર્ટમા દાવો માડયો છે. જેમાં જણાવ્યુ છે કે અમે વર્ષોથી બાપદાદા વખતથી જમીનમાં મકાનો બનાવીને રહેતા આવ્યા છે.

નગરપાલિકા પહેલા પંચાયત હતી. વેરા ભરીએ છીએ લાઈટ કનેક્શન ધરાવીએ છીએ. આજ દિન સુધી કોઈ પણ વેરા ભરવા માટે નોટીસ આપી નથી. બારોબાર જમીન કઈ જગ્યાએ તે જોયા વગર મકાનો. તોડવાની નોટીસ આપી છે.

જે ગેરકાયદેસર છે. કેટલાક સર્વે નંબરો ખોટા દર્શાવીને માપણી કરી ખોટી નોટીસો આપી તોડવાની તજવીજો હાથ ધરી છે. આથી દાવો દાખલ કરીએ છે તેમ જણાવાયુ છે. પ્રાપ્ત માહિતી મુજબ પક્ષકારોને નોટિસ મળી ગયેલ છે અને આગામી સોમવારે સુનાવણી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે ત્યારે આ વિસ્તારના રહીશો ને કોર્ટ માંથી કોઈ રાહત મળશે કે કેમ તેના પર સૌ કોઈ ની નજર મંડાઈ છે.

---

### કાલોલ બસ સ્ટેશન, મામલતદાર કચેરી પાસેથી જોખમી રીતે મુસાફરો ભરીને પસાર થતી લક્ઝરી બસ



■ કાલોલ મામલતદાર કચેરી, તાલુકા પંચાયત અને પોલીસ સ્ટેશન પાસેથી હાઈવે ઉપર થી ગોધરા તરફ લકઝરી બસના છાપરા ઉપર ૨૫ થી ૩૦ જેટલા મુસાફરો જોખમી રીતે બેસાડી નગર મધ્યે થી બિન્દાસ રીતે પસાર થતી જોવા મળી છે આગામી દિવસોમાં આવનાર તહેવારોમાં મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના શ્રમિકો પોતાના વતનમાં જવા માટે આ રીતે જોખમ ભરી મુસાફરી કરતા હોય છે જે ઘણી વખત અકસ્માતનુ કારણ બની જાય છે.

---

ભાઇ બહેનોના પવિત્ર તહેવારને લઇ નાગરિકોમાં ખુશી

# સાધલી અને શિનોરમાં છેલ્લાં દિવસે રાખડીની ખરીદી માટે ઘરાકી નીકળી

**રાખડીઓની** ખરીદી માટે ભારે ભીડ જોવા મળતા દુકાનદારો ખુશીનો માહોલ



(પ્રતિનિધી) શિનોર, તા.8
શિનોર તાલુકાના શિનોર અને સાધલી ગામે રક્ષાબંધનના તહેવાર નિમિત્તે છેલ્લા દિવસે રાખડીની ખરીદી માટે ઘરાકી નીકળતા દુકાનદારોમાં ખુશીની માહોલ જોવા મળ્યો હતો.

રક્ષાબંધનના તહેવારને હવે એક દિવસ બાકી રહ્યો છે ત્યારે આજરોજ શિનોર અને સાધલી ગામે રાખડીની ખરીદી માટેની ઘરાકી નીકળી હતી.

જેને લઈને સાધલી બજારમાં રાખડીઓની ખરીદી માટે ભારે ભીડ જોવા મળતા દુકાનદારો ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

---

# ગોધરા ખાતે જિલ્લા કક્ષાની અન્ડર-17 ફૂટબોલ સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધી) ગોધરા તા.08
સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ,કનેલાવ, ગોધરા જિ. પંચમહાલ ખાતે શાળાકીય જિલ્લા કક્ષાની અન્ડર-17 ભાઈઓની ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં જિલ્લાના વિવિધ તાલુકાઓની 22 ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રોમાંચક મેચો બાદ, ફાઇનલ મેચ ખેલો ઈન્ડિયા સેન્ટર, સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ, કનેલાવ-ગોધરાની ટીમ અને વી.એમ. હાઈસ્કૂલ, હાલોલ વચ્ચે રમાઈ હતી.

---

# બોડેલી ખાતે ‘સંસ્કૃત સાહિત્ય દિન’ હેઠળ સંસ્કૃત સાહિત્ય સભા યોજાઇ



(પ્રતિનિધિ) બોડેલી, તા.8
રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ કેળવાય માટે ત્રિ-દિવસીય સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બોડેલી બીએપીએસ સ્વામીનારાયણ હોલ ખાતે જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને સંસ્કૃત સાહિત્ય સભા અને સંસ્કૃત પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. “સંસ્કૃત સાહિત્ય દિન” નિમિત્તે સંસ્કૃત સાહિત્ય સભામાં સંસ્કૃત વિશે કટલેક્ટર ગાર્ગી જૈનને જણાવ્યું કે, સંસ્કૃત એ વેદોની પ્રાચીન ભાષા છે. સાંસ્કૃતિક ધરોહરની ઓળખ સંસ્કૃત થી થાય છે.